

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*લાગવગીલા હાથે ધ્વજની દોરી ખેંચાઈ ગઈ!*
*'બલિદાન-પ્રતીક'ધ્વજની શાખ વેંચાઈ ગઈ!*
*મિંચાઈ ગઈ આંખ આવું બધું જોઈને 'બાપુ'ની -*
*પરેડે પિલાતાં પોયણાં 'આશા' સિંચાઈ ગઈ!*

### હાઈકુ

*થૈ વાતચીત,*
*નાટ્ય કલાકારોમાં -*
*ફોન ઉપર...*
*(વિશ્વકક્ષાના અભિનેતાઓ)*

*પદ્મશ્રી પૂજા*
*મોસાળે જમણને*
*પીરસે મમ્મી*
*(ગુજરાત વિભૂષિત)*

### ચિંતન

*સબ કૈ મમતા તાગ બટોરી, મમ પદ મનહિં બંધ બરિ ડૈરી,*
*સમદર સી ઈચ્છા કછુ નાહીં, હરષ સોક ભય નહીં મન માહીં*

ઉપરોક્ત ચોપાઈ સુંદરકાંડમાંથી લેવામાં આવેલ છે. આ સઘળાની મમતા કાચા દોરા સમાન છે, તેને વળી સુંદર પાકો દોરો કરી પોતાના મનને મારા ચરણ વડે બાંધવું (સઘળાની મમતા છોડી મનને મારામાં ચોંટાડવું) વળી સમાન દૃષ્ટિવાળા થઈ કશાની ઈચ્છા રાખવી નહીં, તેમ જ હર્ષ, શોક તથા ભય મનમાં લાવવાં નહિ.

મન મક્કમ કરી સંપૂર્ણ વિશ્વાસ ભરોસો અને સંપૂર્ણ સમર્પણ સાથે ઈશ્વરમાં શ્રદ્ધા મૂકી મજબૂત દોરીથી ઈશ્વરના ચરણ સાથે બંધાઈ જવું જોઈએ.

આવા જ્ઞાની-ત્યાગી ભક્ત પછી સમદર્શી થઈ જાય છે એને માટે કોઈ મારું-તારું, માન-અપમાન, હર્ષ-શોક, દુઃખ-સુખના કોઈ ભેદ રહેતા નથી.

### સુવિચાર

- મારા જીવનમાં ઘણી સમસ્યાઓ આવી છે પણ મારા હોઠને તેની કયારેય જાણ થઈ થઈ નથી કારણ કે તે સદા હસતા જ રહે છે - **ચાર્લી ચેપ્લીન**
- મન પચપંગી છે, ક્ષણે ક્ષણે તેના રંગ બદલાય છે, એક જ રંગમાં રંગાયેલા કોઈ વિરલા જ હોય છે - **કબીર**
- રચનાત્મક કાર્ય કરવાથી આનંદ, સંતોષ, ઉદારતા જેવા ગુણો આપણી અંદર સ્ફુરિત થાય છે - **જનકલ્યાણ**
- જીવનમાં શાંતિ અને પ્રેમ તો હીરા જેવા મજબૂત જ હોવા જોઈએ - **શ્રી શ્રી રવિશંકર**
- કાશ કુછ દિનોં કે લિયે દુનિયા છોડ જાના મુમકીન હોતા, સુના હે લોગ બહુત યાદ કરતે હૈ, દુનિયા સે ચલે જાને કે બાદ - **ધર્મલોક**
- જો તમે અધમ અને બદનામ થવા ન ઈચ્છતા હોવ તો કોઈની પણ સાથે ઝઘડો ના કરશો - **બાબા ફરિદ**
- આજનું ઔષધ : હળદરને મધમાં કાકડા ઉપર લગાડવાથી વધેલા કાકડા મટી જાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલના ઉપદેશકો ધર્મને બદલે પોતાની વિદ્વતાના પ્રભાવ કે પંપ અને સંપ્રદાયના પ્રચાર હેતુ જ સત્સંગ સભાઓ, કથા વ્યાખ્યાન આપતા હોય છે. એમને શુદ્ધ ધર્મભાવના હોતી નથી. શ્રોતા-ભક્તની પણ ઓછી પડી હોય છે.

ઈરાનન બગદાદના વેપારી સુકતી ન્યાયી અને નિષ્ઠાવાન, કર્મયોગી હતા. પાછલી વયે તેમને સંસારનો ત્યાગ કરી, સૂરી સંત થઈ ગયા.

એક વખત સંત ધીરજ પણ રાત્રે વ્યાખ્યાન આપતા હતા. અંધારામાં એક વીંછીએ એમને બે-ત્રણ ડંખ માર્યા. સંત જરા પણ ચલાયમાન થયા વિના 'ધીરજ' પર વ્યાખ્યાન આપતા રહ્યા.

વ્યાખ્યાન પુરું થયું - પગ પાસે મરેલો વીંછી પડ્યો હતો. ભક્તોએ જોયું કે સંત પગ પર વીંછીએ બે-ત્રણ ડંખ માર્યા હતા; છતાં સંતે પીડા સહન કરી વ્યાખ્યાન ચાલુ જ રાખ્યું હતું. ભક્તે પૂછ્યું, આવું કેમ કર્યું સંત કહે - હું 'ધીરજ' પર વ્યાખ્યાન આપતો હતો...

# પદ્મ એવોર્ડમાં રાજકીય ક્ષેત્રને બાકાત રાખીએ

**તંત્રીસ્થાનેથી...**

ચાલુ વર્ષના પદ્મપુરસ્કારોમાં ગુજરાતના ફાળે આવેલ પદ્મભૂષણ જૈનાચાર્ય રત્નસુંદર મહારાજને એનાયત થઈ રહ્યો છે તે ખૂબ જ મહત્ત્વની બાબત છે. એટલી જ મહત્ત્વપૂર્ણ બાબત છે કૃષિક્ષેત્રે એક દિવ્યાંગ ખેડૂતને એનાયત થનાર પદ્મશ્રી એવોર્ડ. બનાસકાંઠાના આ ખેડૂતે કંઈ પદ્મશ્રી મેળવવા માટે કૃષિક્રાંતિ નહોતી કરી. પરંતુ કેન્દ્ર સરકારે આવા અંતરિયાળ વિસ્તારમાં રહી દિવસે દિવસે અળખામણા બનતા જતા કૃષિ વ્યવસાયને અઢળક ઉત્પાદનવાળા વ્યવસાયમાં ફેરવી દઈ નિરાશ થઈ પરંપરાગત અને પૈતૃક ખેતી છોડીને શહેરો ભણી પલાયન થઈ રહેલી સમકાલીન પેઢી સમક્ષ એક મૂઠી ઊંચેરું દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. 'રે ખેડૂત તું ખરે જગતનો તાત ગણાયો' - જેનું સૂત્ર પણ હવે તો વિસરાઈ ગયું છે. ખેતીની ઉપજાઉ જમીનો પર સિમેન્ટ કોંક્રીટનાં જંગલ ફૂટી નીકળ્યા છે. આવી વસમી વેળાએ દેશી કૃષિપંડિત જેવા ગેનાજી પટેલને પદ્મશ્રીથી પુરસ્કૃત કરવાનો નિર્ણય વડાપ્રધાનની દીર્ઘદૃષ્ટિનો પરિચાયક લેખાશે. જે એવોર્ડ દિવ્યાંગ ખેલાડી અને ખેડૂતને એનાયત થનાર છે એ જ પદ્મશ્રી દ્વારા જાણીતા ઈતિહાસવિદ્ પત્રકાર લેખક વિષ્ણુ પંડ્યા પણ સમ્માનિત થઈ રહ્યા છે અને કેન્સર સર્જક ડૉ. દેવેન્દ્ર પટેલ પણ વિભૂષિત થઈ રહ્ય છે. વિષ્ણુ પંડ્યા ગુજરાતી સાહિત્ય-પત્રકારત્વ ક્ષેત્રે જમણેલી હિંદુત્વ સમર્થક વિચારધારાના સમર્થક તરીકે એકમેક-અદ્વિતીયમ્ જેવી આદરણીય પ્રતિભા છે. ગુણવંત શાહ જેવા પ્રખર વિચારક પછી પદ્મશ્રીથી વિભૂષિત થઈ રહેલ વિષ્ણુ પંડ્યાનું સર્જનાત્મક સાહિત્યમાં પણ વિશેષ પ્રદાન રહ્યું છે. 'મુખ્યમંત્રી' નવલકથા માટે એમને ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ ઈનામ પણ મળ્યું હતું. પરંતુ એમનું ખાસ પ્રદાન અખબારી સંપાદનક્ષેત્રે રહ્યું છે. કયારેક તેઓને 'ચાંદની', 'સાધના' અને 'જનસત્તા'નું તંત્રીપદ પણ સંભાળ્યું હતું. પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીની એકાવન કવિતાઓનો અનુવાદ આપવા ઉપરાંત સ્વામી વિવેકાનંદ પર લખેલ કથાકૃતિ દ્વારા તેઓએ ગુજરાતી સાહિત્યમાં આગવું સ્થાન હાંસલ કરેલું છે. કેન્દ્ર સરકારે આ વર્ષના પદ્મવિભૂષણ એવોર્ડો માટે પસંદ કરેલ રાજપુરુષોમાં પૂર્વ લોકસભા પીએ સંગમાનું નામ સામેલ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એ દિવંગત નેતાઓ સહુનો વિરોધ વહોરી પોતાનું સમર્થન કરેલું, તે બાબતનો ઋણ સ્વીકાર કર્યો છે. એ જ રીતે આશ્ચર્યજનક લાગે એ રીતે એનસીપી નેતા શરદ પવારનું નામ પણ પદ્મ વિભૂષણ મેળવનારાઓની યાદીમાં સામેલ કરાયેલ છે. આ તમામ બાબતો જોતાં પદ્મ એવોર્ડની પસંદગીમાં રાજકારણનો હસ્તક્ષેપ રહ્યા કરતો હોવાની માન્યતાને જરૂર પુષ્ટિ સાંપડે છે, પરંતુ સાથે જ એ અંગે નક્કી કરાયેલ ધોરણોને વળગી રહેવામાં કયારેક સમાધાન કરવું પડ્યું હોય, એવો સંકેત પણ મળ્યા વગર રહેતો નથી. મોદીને મોદી બનાવવામાં પ્રારંભિક તબક્કે ડૉ. મુરલી મનોહર જોષીનો સિંહફાળો રહ્ય છે તે બહુ ઓછા લોકો જાણતા હશે. શ્રીનગરના લાલચોકમાં ત્રિરંગો ફરકાવવા માટે મોદીએ વરિષ્ઠ ભાજપ અગ્રણીના સારથિ તરીકે ફરજ અદા કરી હતી. આજકાલ ખૂણે નંખાઈ ગયેલા વયોવૃદ્ધ નેતાને પદ્મવિભૂષણ જેવા ઉચ્ચ સમ્માનથી નવાજીને વડાપ્રધાને એ ઋણ ચૂકવવાનો પણ પ્રયાસ કર્યો છે.

# અમદાવાદમાં રઘુવીર ચૌધરીનાં ગીતો રજૂ થયાં



## સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહ, ૨૦૧૬ અન્વયે, જિલ્લા પુસ્તકાલય, ગોધરા ખાતે કબીર સાહિત્ય પુરસ્કાર વિજેતા કવિ વિનોદ ગાંધીના અધ્યક્ષપદે 'વાંચનનું મહત્ત્વ' કાર્યક્રમ યોજાઈ ગયો. પુસ્તકાલયના ગ્રંથપાલ વિદ્યાબહેન આવકાર પ્રવચન કર્યું હતું, જયારે 'પરિવેશ'ના સંપાદક કવિ વિનુ બામણિયાએ વાંચન પર ભાર મુકતાં સામ્પ્રત સામયિકો વિષે વકતવ્ય આપ્યું હતું. ડૉ. રાજેશ વણકરે પ્રાસંગિક પ્રવચનમાં કવિ વિનોદ ગાંધીએ જણાવ્યું હતું કે, ઉત્તમ પુસ્તકોના વાંચનથી સમાજની રુચિ ઘડાય છે અને સંસ્કારોનું સિંચન થાય છે. આ પ્રસંગે કવિ સંમેલન પણ યોજાયું હતું; જેમાં સર્વ વિનોદ ગાંધી, વિનુ બામણિયો, વનરાજસિંહ સોલંકી વિગેરે કવિઓએ પોતાની કાવ્યરચનાઓનું સ્વમુખે પઠન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ કૌશિશ પટેલે કર્યું હતું.

● 'મનુભાઈ પચોળી - દર્શક' વ્યાખ્યાનમાળા અંતર્ગત ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે વ્યાખ્યાનમાળાનું પ્રથમ વ્યાખ્યાન યોજાઈ ગઈ, જેમાં આ વ્યાખ્યાનમાળાનું પ્રથમ વ્યાખ્યાન લોર્ડ ભીખુ પારેખે 'ભારતમાં વાદ-વિવાદની પ્રમાણિકા' વિષય પર આપ્યું હતું. આ પ્રસંગે મનુભાઈ પંચોળી 'દર્શક' લિખિત પુસ્તક 'સોક્રેટિસથી માર્કસ'નું વિમોચન અને લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

● 'મેન બૂકર પુરસ્કાર' ના ઈતિહાસમાં પ્રથમ વખત જ કોઈ અમેરિકન લેખક 'પોલ બિટીવને' તેમની નવલકથા 'ધ સેલ આઉટ' માટે 'મેન બૂકર' પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે. અમેરિકાના લોસ એન્જલેસમાં જન્મેલાં આ 'પૉલ બિટીવ' હાલ અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે કાર્યરત છે. લંડનના ગિલ્ડ હોલ ખાતે યોજાયેલા એક સમારંભમાં તેમને ૫૦૦૦ પાઉન્ડના પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. અત્રે એ ઉલ્લેખનીય રહેશે કે, 'ધ સૅલ આઉટ' નવલકથામાં લેખકે અમેરિકાની જાતિવાદી રાજનીતિ પર આકરા કટાક્ષો કર્યા છે.

● કેલિફોર્નિયાના લોસ એન્જેલસમાં છેલ્લા ચાળીસ વર્ષથી રહેતા ગુજરાતી રમેશભાઈ પટેલ (ઉ.વ.૮૨ વર્ષ) 'ખેપિયો'ના કાવ્યસંગ્રહ 'હૃદયોર્મિ'નું વિમોચન અને લોકાર્પણ સપના વિજાપુરાના હસ્તે યોજાઈ ગયું. આ નિમિત્તે યોજાયેલી પુસ્તકયાત્રામાં કાંતિભાઈ મિસ્ત્રી, ચંદ્રિકા મિસ્ત્રી અને જગદીશભાઈ પુરોહિત જોડાયા હતા. આ કાવ્યસંગ્રહ, પત્રકાર હર્ષદભાઈ શાહ, ઈન્ડો-અમેરીકન સિનિયર સિટીઝન ગુજરાતી ગ્રુપના પ્રમુખ પ્રવીણચંદ્ર મહેતા, પત્રકાર શૈલેષ પરીખ, 'ગુજરાત દર્પણ' ના સુભાષભાઈ શાહ, 'પુસ્તક પરબ' ના તંત્રી સુભાષભાઈ શાહ, 'પુસ્તક પરબ'ના પ્રણએતા પ્રતાપભાઈ પંડ્યા (વડોદરા) ને પદ્મા દાદભાવાલાના સહયોગથી પ્રકાશિત કરવામાં આવેલ છે, જયારે સંગ્રહની પ્રસ્તાવના ચંદ્રકાન્ત દેસાઈએ લખી છે.

● વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર કાવ્યશ્રેમી અંતર્ગત, ગુજરાત વિશ્વકોષભવનમાં લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર રઘુવીર ચૌધરીનાં ગીતોની પ્રસ્તુતિ અમર ભટ્ટ અને ગાર્ગી વોરા દ્વારા કરવામાં આવી હતી, જયારે કવિ સાથે પ્રશ્નોત્તરી હિના શુક્લએ કરી હતી. આ પ્રસંગે અમર ભટ્ટ દ્વારા સ્વરાંક્તિ 'ગીત ગનનનાં' અને 'શબદનો અજવાસ' નામના બે આલ્બમનું વિમોચન અને લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

● ભાવનગર ગદ્યસભાના રજતપર્વની ઉજવણીના ભાગરૂપે 'ગદ્યસભા' અને 'સાહિત્યવર્તુળ' ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, મહારાજા કૃષ્ણ કુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના સંયુકત્ ઉપક્રમે ગુજરાતી સાહિત્યના શિરમોર સર્જક લાભશંકર ઠાકરના શબ્દવૈભવને માણવાનો 'લા.ઠા. સરખી વાત' શીર્ષક હેઠળનો કાર્યકર્મ યોજાઈ ગયો.

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા, લુપ્ત થતી સાહિત્ય પરંપરાની જાળવણી અને સંવર્ધન માટેના પ્રયાસો અંતર્ગત, પ્રથમ કડીરૂપ 'વિસરાઈ ગયેલા કાવ્યપ્રકારો' વિશેનો એક પરિસંવાદ એન એસ પટેલ આર્ટ્સ કૉલેજ, આણંદ ખાતે અકાદમીના અધ્યક્ષ અને ભાગ્યેશ જહાના અતિથિ વિશેષપદે યોજાઈ ગયો, જેનું સંચાલન લતા હિરાણી અને આભારવિધિ ડૉ. પ્રશાંત પટેલે કરી હતી. આ પરિસંવાદની બીજી બેઠકમાં ડૉ. સુમન શાહે

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ચિરયુવા સર્જક ધીરુભાઈ ઠાકરની પાવન સ્મૃતિ



## ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

"વિશ્વકોશ ક્રાંતિનું વાહન બનવાની ક્ષમતા ધરાવે છે. ક્રાંતિનું મૂળ વિચાર છે. વિચારનું મૂળ જ્ઞાન છે. જ્ઞાનનું મૂળ માહિતી છે. વિશ્વકોશ એ શુધ્ધ તથા સંગીન માહિતીનો ભંડાર છે. આમ સમાજને વિચારનું બળ પૂરું પાડનાર વિશ્વકોશ છે." સર્જક – વિચારક અને વિશ્વકોશના જનક ધીરુભાઈ ઠાકર (સવ્યસાચી) ના ઓછા શબ્દોમાં વિશ્વકોશની સંપૂર્ણ ભૂમિકા આ રીતે પ્રગટ થઈ છે. કેટલાક લોકો "ગાગરમાં સાગર" સમાવી શકવાની શક્તિ લઈને પૃથ્વી પર આવતા હશે કે આવી શક્તિ જાગૃતિપૂર્વક જીવનમાં વિકસાવતા હશે એ હમેશા વિચારવાનો મુદ્દો રહેતો આવ્યો છે. પરંતુ ઠાકર સાહેબને જોતાં આ બન્ને બાબતોનો જન્મજાત શક્તિ અને સતત સ્વાધ્યાય –તેમના વ્યક્તિત્વમાં સહજ સમાવેશ થતો અનુભવી શકાય છે. "સ્વાધ્યાય –પ્રવચનાભ્યામ્ મા પ્રમદિત્વયમ્" વાળી શાસ્ત્રોની વાત ધીરુભાઈની જીવનશૈલીનો અભિન્ન ભાગ હોય તેમ જણાય છે.

સિંહગિરા સોરઠમાં ૧૯૧૮માં જન્મેલા સાક્ષર ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર (તખલ્લુસઃ સવ્યસાચી) ૨૦૧૪ ના જાન્યુઆરીની ૨૪મી તારીખે એક જીવનમાં અનેક જીવનના કામ નિપટાવીને મહાપ્રયાણ કરી ગયા. ભારત સરકારે ૧૯૧૪ ના વર્ષમાંજ "પદ્મભૂષણ" નો એવોર્ડ આપીને આ વિચારબીજના વાહકને વધાવ્યા. સુયોગ્ય સ્થળે પહોંચેલા એવોર્ડનો આનંદ અનેક લોકોના મનમાં હતો. એ સાથેજ ધીરુભાઈને ગુમાવ્યાનો ઊંડો રંજ હતો. તેજ-છાયાને તાણેવાણે આ જીવતરનું ગાડું વહેતું રહે છે. આથી આ ખુશાલી અને ખોટને સમાજે સ્વસ્થતાપૂર્વક સ્વીકારવાનો પ્રયાસ કર્યો. ધીરુભાઈ વિશ્વકોશનો ગુલાલ ઉડાડીને ગયા છે તેના રંગો કાળના વહેતા પ્રવાહમાં ઝાંખા પડે તેવા નથી. "મકરન્દી મીજાજ" માં પ્રગટેલા શબ્દો યાદ આવે.

અમે તો જઈશું અહીંથી
આ અમારો ઉડાડ્યો ગુલાલ રહેશે.
ખબર નથી શું કરી ગયા
પણ કરી ગયા તેની કમાલ રહેશે.

ગીતાકારે પ્રબોધેલી "કર્મણ્યેવાધિકારસ્તે, મા ફલેષુ કદાચિન્" એ વાત સાંભળવા તો અવારનવાર તથા અનેક પ્રસંગોએ મળે છે. આ વાત કરવી સહેલી છે પરંતુ વાસ્તવમાં તેને જીવી જાણવી મુશ્કેલ છે. આથી કેટલાક વીરલાઓ જે આ વાતને પોતાના જીવતર થકી ઉજાળે છે તેમના જીવન સમક્ષ સમાજ અહોભાવપૂર્વક નતમસ્તક થાય છે. નિરંતર કર્મની જ્યારે વાત કરીએ ત્યારે જેમની ચિર વિદાયને ત્રણ વર્ષનો સમયગાળો ૨૪ જાન્યુઆરી-૨૦૧૭ના રોજ થાય છે તેવા શ્રી ધીરૂભાઈ ઠાકરની સ્મૃતિ થવી સ્વાભાવિક છે. આપણી નજર સમક્ષ હજુ ગઈકાલ સુધી ઉન્નત તથા અર્થસભર જીવતર જીવી જનાર ઠાકર સાહેબ નવા ચિલા પાડીને ગયા. થાક તથા નિરાશાનો ઓછાયો પણ તેમના જીવનમાં પડ્યો હોય તેમ લાગતું નથી. વિશ્વકોશના આ જગનન્નાથના રથને ખેંચવા જેવું કપરું કામ નહિતર કેવી રીતે થયું હોત ? ઈન્દુલાલ યાજ્ઞિકજેવા ઝંઝાવાતી કર્મવીર જેના સર્જન સાથે સંકળાયેલા છે તેવી "મોંઘેરી ગુજરાત" ની એક અલગ રાજ્ય તરીકે ૧૯૬૦ માં રચના થઈ. ગુજરાતની સ્થાપના પછીના પાંચ દાયકામાં થયેલા ઐતિહાસિક કાર્યોની સૂચિ તૈયાર કરીએ તો તેમાં વિશ્વકોશની સ્થાપના અને તેના યોગદાનની વાત અચૂક આવે તેમ કહેવામાં સહેજપણ અતિશયોક્તિ નથી. એક હજાર પૃષ્ઠનો એક એવા પચીસ ગ્રંથોની વિપુલ સામગ્રી તૈયાર કરીને જગતના ચોકમાં મૂકવી તે ગુજરાત રાજ્યની સ્થાપના પછીના વર્ષોની એક જ્વલંત ઘટના છે. વિશ્વના કોઈપણ ખૂણે વસનાર ગુર્જર આ યશસ્વી કાર્ય માટે ગૌરવનો ભાવ અનુભવી શકે છે. ઠાકર સાહેબે જાતે તો કાર્ય કર્યુ જ પરંતુ આ કામની અવિરત પ્રગતિ માટે મજબૂત ટીમવર્ક તથા સંસ્થાગત માળખું પણ ઉભુ કર્યુ. વિશ્વકોશનું ભગીરથ કાર્ય સતત ચાલતું રહે તથા અનેક વિષયોના સંદર્ભમાં જ્ઞાનઉપાસનાનો યજ્ઞ જ્વલંત રહે તે માટે આવા સંસ્થાકીય માળખાની અનિવાર્યતા ઠાકર સાહેબની દ્રષ્ટિ બહાર ન હતી. સ્થાયી માળખાનું નિર્માણ કરવાની તેમની દીર્ઘદ્રષ્ટિને કારણે તેમની અનુપસ્થિતિમાં પણ આ સમાજ ઉપયોગી કાર્ય નિરંતર ચાલતું રહેલું છે. કુમારપાળ દેસાઈ તથા કવિ ચન્દ્રકાન્ત શેઠ જેવા સમર્પિત લોકોએ ધીરુભાઈએ પ્રગટાવેલી જ્યોતને સક્રિય રહીને જાળવી છે અને તેમાં સતત દીવેલ પૂરવાનું યજ્ઞકાર્ય કરેલું છે. કર્મની દિશામાં તથા જ્ઞાન પ્રાપ્તિની દિશામાં ગતિ કરવાની પ્રેરણા ધીરૂભાઈના જીવનમાંથી અનેક લોકોએ મેળવી. કવિશ્રી વેણીભાઈ પુરોહિતના નીચેના શબ્દોમાં કર્મનો મહિમા સુંદર રીતે વ્યક્ત થયો છે. ધીરૂભાઈ ઠાકર જેવા કર્મવીર તથા પ્રક્ષાવાન શાક્ષરના જીવનમાંથી પણ નીચેના સુંદર શબ્દોમાં વણેલો ભાવ સતત પ્રગટતો જોવા મળે છે.

થાકે, ન થાકે છતાંયે
હો માનવી, ન લેજે વિસામો !
ને ઝૂઝજે એકલ બાંયે
હો માનવી, ન લેજે વિસામો .
ઝાંખા જગતમાં એકલો પ્રકાશજે,
આવે અંધાર તેને એકલો વિદારજે,
છો ને આ આયખું હણાયે
હો માનવી, ન લેજે વિસામો !

ધીરુભાઈ જીવનની છેલ્લી ક્ષણ સુધી સક્રિય રીતે કાર્યરત રહ્યા. શ્રી નારાયણ દેસાઈ ધીરુભાઈને ચિરયુવા કહેતા તે યથાર્થ છે. સાહિત્યના સર્જન વચ્ચે પણ ધીરુભાઈમાં રમૂજવૃત્તિ અને હળવાશ કાયમ રહ્યા તે વાત ધીરુભાઈના પુત્રી હીનાબહેને કરી છે તે ઠાકર સાહેબના ભાતીગળ વ્યક્તિત્વને ઉજાગર કરે છે. વિશ્વકોષ તેમજ હવે ખાસ બાલ વિશ્વકોષના આ અમૂલ્ય ગ્રંથો આપણાં ગ્રંથાલયની શોભા વધારે તેવા છે. કોલેજો તેમજ માધ્યમિક શાળાઓના વ્યાખ્યાતાઓ તેમજ વિદ્યાર્થીઓને સંદર્ભ ગ્રંથ તરીકે ખૂબજ ઉપયોગી બને તેવા છે. પડકાર આપણી સામે એ છે કે આપણે તેનો કેટલો ઉપયોગ કરવાની આદત કેળવીએ છીએ. આવી આદત કેળવવાની જવાબદારી આપણી સૌની છે –સામુહિક છે. શ્રી ધીરૂભાઈ ઠાકર જેવા કર્મયોગીનું જીવન ગુજરાતની આજની તથા આવતી કાલની પેઢીઓને ચરૈવેતી....ચરૈવેતી....નો અર્થસભર સંદેશ ચિરકાળ માટે સંભળાવતું તથા પ્રેરણા આપતું રહેશે તે નિર્વિવાદ છે. જ્ઞાન ઉપાસનાનું આ કાર્ય ગુજરાતને એક નવી ઓળખ આપે તેવું છે.

# આર્થિક સમાનતા અહિંસકપૂર્ણ સ્વરાજની મુખ્ય ચાવી



## ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

**અનાવશ્યક એકઠું કરવું એ ચોરીના માલ જેવું થઈ જાય**

ગાંધી મોટા ગજાના સમાજશાસ્ત્રી કે અર્થશાસ્ત્રી કરતાં વધુ સરળ રીતે ભારતીય સમાજને સમજતા હતા અને સામાજિક વિકાસ અર્થે તેઓ વૈજ્ઞાનિક ઢબે યોગ્ય કહી શકાય તેમ ભારતની સમસ્યાઓના ઉકેલ માટે સૂચનો પણ કરતા રહેતા હતા.

ભારતના ગરીબો અને માલેતુજારોને કેન્દ્રમાં રાખીને ગાંધી 'રોટી'ની સમસ્યાને સમજાવે છે. ગાંધીજી કહે છે કે જે મૂળમાં ચોરેલું નથી તે અનાવશ્યક એકઠું કરવાથી ચોરીના માલ જેવું થઈ જાય છે. પરિગ્રહ એટલે સંચય અથવા એકઠું કરવું. સત્યશોધક અહિંસક પરિગ્રહ ન કરી શકે. હક નથી. તમે અને હું વધારે સમજીએ છીએ; એટલે આપણે આપણી જરૂરિયાતોમાં ઘટતો ફેરફાર કરવો જોઈએ, અને સ્વેચ્છાથી ભૂખમરો પણ વેઠવો જોઈએ કે જેથી કરી તેઓની માવજત થાય, તેઓને ખવરાવાય અને વસ્ત્ર પહેરાવાય.

તેઓ લખે છે : 'પરમાત્મા પરિગ્રહ કરતો નથી.' તેને 'જોઈતી' વસ્તુ તે રોજની રોજ પેદા કરે છે. એટલે જો આપણે તેની ઉપર વિશ્વાસ રાખીએ તો સમજીએ કે આપણને જોઈતી વસ્તુ તે રોજની રોજ આપે છે, આપશે. ઓલિયાઓનો, ભક્તોનો આ અનુભવ છે. રોજના પૂરતું જ પેદા કરવાના ઈશ્વરી નિયમને આપણે જાણતાં નથી, અથવા જાણવા છતાં પાળતાં નથી. તેથી, જગતમાં વિષમતા ને તેથી થતાં દુઃખો અનુભવીએ છી. ધનાઢ્યને ત્યાં તેને ન જોઈતી વસ્તુઓ ભરી હોય છે, રખડી જાય છે, બગડી જાય છે; જયારે તેમને અભાવે કરોડો રવડે છે, ભૂખ મરે છે, ટાઢે ઠરે છે. સહુ પોતાને જોઈતો જ સંગ્રહ કરે તો કોઈને તંત્રી ન આવે તે સહુને સંતોષ રહે. આજે તો બંને તંગી અનુભવે છે. કરોડપતિ અજબપતિ થવા મથે છે, તોય તેને સંતોષ નથી રહેતો. કંગાળ કરોડપતિ થવા ઈચ્છે છે, કંગાલને પેટ પૂરતું જ મળવાથી સંતોષ પેદા થતો જોવામાં નથી આવતો. પણ કંગાળને પેટપૂરતું મળવાનો અધિકાર છે, અને સમાજનો તેને તેટલું મેળવતો કરવાનો ધર્મ છે. તેથી તેના અને પોતાના સંતોષને ખાતર ધનાઢ્યે પહેલ કરવી ઘટે. તે પોતાનો અત્યંત પરિગ્રહ છોડે તો કંગાળને પોતાપૂરતું સહેજે મળી રહે ને બંને પક્ષ સંતોષનો પાઠ શીખે.

આર્થિક સમાનતા અહિંસક પૂર્ણ સ્વરાજની મુખ્ય ચાવી છે. આર્થિક સમાનતાને માટે કાર્ય કરવું એટલે મૂડીને મજૂરી વચ્ચેના કાયમના ઝઘડાને મિટાવવો. એનો અર્થ એવો થાય કે એક બાજુ મિટાવવો. એનો અર્ત એવો થાય કે એક બાજુથી જે થોડા પૈસાવાળા લોકોનાં હાથમાં સંપત્તિનો મુખ્ય ભાગ એકઠો થયો છે તેમની સંપત્તિ કમી કરવી અને બીજી બાજુથી અર્ધા ભૂખ્યાં ને નાગાં રહેતાં કરોડોની સંપત્તિ વધારવી. જયાં લગી ખોબા જેટલા પૈસાવાળા ને ભૂખ્યા રહેતા કરોડો વચ્ચેનું બહોળું અંતર ચાલું રહે ત્યાં લગી અહિંસાના પાયા પર ચાલતો રાજવહીવટ સંભવિત નથી. જે સ્વતંત્ર હિંદુસ્તાનમાં દેશના સૌથી તવંગર માણસો જેટલી સત્તા ભોગવતા હશે તેટલી જ ગરીબોની હશે, તેમાં નવી દિલ્હીના મહેલોને પડખે જ આવેલાં ગરીબ મજૂર વસ્તીનાં કંગાળ ઘોલકાંઓ વચ્ચે જે કારમો તફાવત આજે દેખાય છે તે એક દિવસભર પણ નહીં નભે. પૈસાવાળાઓ પોતાનો પૈસો અને તેને લીધે મળતી સત્તા એ બંને આપમેળે રાજીખુશીથી છોડી દઈ સર્વના કલ્યાણને માટે બધાંની સાથે મળીને વાપરવાને તૈયાર નહીં થાય તો હિંસક તેમ જ ખૂનખાર ક્રાંતિ અહીં થયા વિના રહેવાની નથી એમ ચોક્કસ સમજવું. ટ્રસ્ટીપણાના મારા સિદ્ધાંતને ઘણો હસી કાઢવામાં આવ્યો છે છતાં હું હજી તેને વળગી રહું છું. તેને પહોંચવાનું એટલે કે તેનો પૂરેપૂરો અમલ કરવાનું કામ કપરું છે એ વાત સાચી છે.

આર્થિક સમાનતા એટલે જગતના બધા મનુષ્યો પાસે એકસરખી સંપત્તિ હોવાપણું, એટલે કે સહુની પાસે પોતાની કુદરતી આવશ્યકતા પૂરતી સંપત્તિ હોવાપણું, એટલે કે સહુની પાસે પોતાની કુદરતી આવશ્યકતા પૂરતી સંપત્તિનું હોવું. કુદરતે એક માણસને નાજુક હોજરી આપી હોય ને તે પાંચ તોલા આટો ખાઈ શકે અને બીજાને વીસ તોલા જોઈએ, તો બંનેને પોતપોતાની હાજરી પ્રમાણે આટો મળવો જોઈએ. અહિંસક સમાજને બીજો આદર્શ ન પાલવે. છેક આદર્શને આપણે કદી નહીં પહોંચીએ. પણ એને નજરમાં રાખીએ આપણે બંધારણો રચીને ન વ્યવસ્થા કરીએ. જેટલે અંશે આપણે આદર્શને પહોંચીને એટલે જ અંશે આપણું સુખ અને સંતોષ પામીએ, એટલે જ અંશે આપણે સામાજિક અહિંસા સિદ્ધ કરી કહેવાય.

અહિંસા વડે આર્થિક સમાનતા કેમ લાવી શકાય એ વિચારી. પ્રથમ પગલું આ છે. જેણે એ આદર્શને અપનાવ્યો હોય તેણે પોતાના જીવનમાં જોઈતા ફેરફારો કરવા. હિંદુસ્તાનના ગરીબોની સાથે પોતાની સરખામણી કરી પોતાની હાજતો કમ કરવી, પોતાની ધન કમાવાની શક્તિને નિયમમાં મૂકવી, જે ધન કમાતું તે પ્રામાણિકપણે કમાવાનો નિશ્ચય કરવો સટ્ટાવૃત્તિ હોય તો તેનો ત્યાગ કરવો, ઘર પર પોતાની સામાન્ય હાજર પૂરતું રાખવું, અને જીવંત સર્વ પ્રકારે સંયમી બનાવવું. જયારે પોતાના જીવનમાં શક્ય સુધારો કરી લીધો હોય ત્યારે સમાનતાના આદર્શનો પ્રચાર પોતાના સોબતી અને પડોશીમાં કરાય.

આર્થિક સમાનતાની જડમાં ટ્રસ્ટીપણું રહ્યું છે. એ આદર્શ પ્રમાણે ધનિકને પોતાના પડોશી કરતાં એક કોડી પણ વધારે રાખવાનો અધિકાર નથી. ત્યારે શું વધારાનું એની પાસેથી છીનવી લેવું? એમ કરતાં હિંસાનો આશ્રય લેવો પડે. અને હિંસા વડે એમ કરવું સંભવે તોય સમાજને તેથી ફાયદો ન થાય. કેમ કે દ્રવ્ય એકઠું કરવાની શક્તિ ધરાવનાર એક માણસની શક્તિને સમાજ ખોઈ બેસે. એટલે અહિંસક માર્ગ એ થયો કે માન્ય થઈ શકે એટલી તેની હાજર પૂરી પાડી બાકીનીનો તે પ્રજાની વતી ટ્રસ્ટી બને. પ્રામાણિકપણે સંરક્ષણ બને તો જે દ્રવ્ય તે ઉત્પન્ન કરશે તેનો સદ્વ્યય પણ કરશે.

પણ ઘણા પ્રયત્ન છતાં જો ધનિક લોકો ખરાં સંરક્ષણ ન બને અને અહિંસાને નામે ભૂખ કરતાં કરોડો વધારે ને વધારે કરચાતાં જાય તો શું કરવું, એ કોયડાનો ઉકેલ ધનવાન સમાજના ગરીબોના સહકાર વિના ધન નથી કમાઈ શકતો... એ ભાન ગરીબોમાં પ્રસરે એટલે તે બળિયા થાય ને જે આર્થિક અસમાનતાના તેઓ ભોગ થયા છે તેને અહિંસક માર્ગે દૂર કરતાં શીખે.

આપણે સૌ, કહો કે, દિવસમાં એક કલાક, ગરીબ માણસો કહે છે તે શ્રમ કરીએ અને એ રીતે તેમની સાથે અને તેમના દ્વારા સમગ્ર માણસજાત સાથે એકતા સાધીએ તેના કરતાં વધારે ઉમદા અને રાષ્ટ્રભાવનાવાળી બીજી કોઈ વસ્તુ હું કલ્પી શકતો નથી. ઈશ્વરને નામે, ગરીબોને માટે, તેઓ કહરે છે તે રીતે શ્રમ કરું તેના કરતાં ઈશ્વરની વધારે સારી આરાધના હું કલ્પી શકતો નથી.

પ્રજાસત્તાક પર્વની ઉજવણીના દિવસોમાં ગાંધી વિચારનો પ્રચાર વિકસે એવી આશા છે.

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**